For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળતા ચિંતન શિબિરમાં ઉજવણી કરાઇ






■ ધરમપુર, વલસાડ : ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ 2030નું યજમાનપદ મળતા ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઈ હતી. આશ્રમના પેવેલિયનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું ઢોલ નગારાની ગુંજ અને આતશબાજી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન અને દીર્ઘદૃષ્ટિનું પરિણામ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ભારત દેશ માટે ગૌરવની વાત છે. આ ઉજવણીમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ ભાગ લીધો હતો.

**2023માં અમેરિકન ફર્સ્ટ લેડીને મોદીના હસ્તે ગ્રીન લેબગ્રોન ડાયમંડ ભેટમાં આપનાર**

# સુરતની ગ્રીનલેબ ડાયમંડમાં ભાવ ઘટાડા મુદ્દે રત્નકલાકારોની હડતાળ

**ભારતની** સૌથી મોટી લેબગ્રોન ડાયમંડ કંપનીના રત્નકલાકારોની હડતાળના વિડીયો વાયરલ થતાં લેબગ્રોન ઇન્ડસ્ટ્રીમાં ગભરાટ ફેલાયો

**રત્નકલાકારોને** ગેરસમજ થઇ હતી, અમે સમજાવતા તેઓ ફરી કામે લાગી ગયા હતા : ગ્રીનલેબ






સુરત : સુરતના ઈચ્છાપોર જેમ્સ એન્ડ જ્વેલરી પાર્ક સ્થિત ભારતની સૌથી મોટી લેબગ્રોન ડાયમંડ અને જ્વેલરી ઉત્પાદક કંપની ગ્રીનલેબ ડાયમંડ કંપનીના રત્નકલાકારોએ હડતાળ પાડી હોવાનો વિડીયો વાયરલ થતા લેબગ્રોન ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં ગભરાટ ફેલાયો હતો. ગ્રીનલેબ ડાયમંડ કંપનીએ ડાયમંડ કટીંગ - પોલિશિંગના ભાવો ઘટાડતા રત્નકલાકારો વિરોધ કરવા સાથે હડતાળ હડતાળ પર ઉતરી ગયા હતા. જોકે ગ્રીનલેબ ડાયમંડ કંપનીના સંચાલક પૈકીના એક સ્મિત પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે, રત્નકલાકારોને કોઈક ગેરસમજ થઈ

...અનુસંધાન પાના 5 પર

### સુરત, મુંબઇ, દુબઇથી અમેરિકા સુધી સમાચાર પ્રસરી ગયા

સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થતા સુરત, મુંબઇ, દુબઇ, હોંગકોંગ, લંડન, બોટસ્વાના, એન્ટવર્પથી લઇને અમેરીકા સુધી સમાચારો પ્રસરી ગયા હતા. કહે છે કે, લેબગ્રોન ઇન્ડસ્ટ્રીનું દબાણ વધતા કંપનીએ હડતાળ સમેટી લેવા રત્નકલાકારો દબાણપૂર્વક વશ કરીને કામે ચઢવા સમજાવી લીધા હતા. જેથી આબરૂનું વધુ ધોવાણ ન થાય. જૂન 2023 માં, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુનાઇટેડ સ્ટેટ્સની તેમની રાજ્ય મુલાકાત દરમિયાન યુએસ ફર્સ્ટ લેડી જીલ બિડેનને 7.5 કેરેટનો

...અનુસંધાન પાના 5 પર

# વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ કરનાર ડાન્સ ટીચરને 20 વર્ષની સખત કેદની સજા

**વિદ્યાર્થિનીને** ઘરે લઇ ગયા બાદ દુષ્કર્મ આચર્યું, બાદમાં અવારનવાર ઘરે લઇ દુષ્કર્મ આચરતો હતો

સુરત : કતારગામની ધોરણ-11ની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મના કેસમાં ડાન્સ ટીચરને કોર્ટે કસૂરવાર ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા અને 40 હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. તેમજ પીડિતને 10.50 લાખનું વળતર આપવા પણ કોર્ટે આદેશ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, કતારગામ વિસ્તારમાં રહેતા એક પરિવારની 16 વર્ષીય દીકરી ધોરણ-11માં અભ્યાસ કરે છે. તે છેલ્લા કેટલાક દિવસથી બીમાર હોવાથી તેના પિતા તેને સ્કૂલે લેવા જતા હતા. ગઈ તારીખ 6-4-2024ના રોજ સ્કૂલે પહોંચ્યા હતા. જ્યાં દીકરી સ્કૂલે

...અનુસંધાન પાના 5 પર

**આરોપીએ ગુરુ અને શિષ્યના સંબંધને લાંછન લાગે તેવું કૃત્ય કર્યું છે : કોર્ટ**

કોર્ટે કહ્યું કે, આરોપીએ ગુરૂ અને શિષ્યનાં સબંધોને લાંછન લગાડેલ તેવું ગંભીર કૃત્ય કરેલું છે. આમ, આરોપીનું કૃત્ય ઘણુ ધૃણાષ્પદ છે. પરંતુ આરોપીની ઉંમર અને તેનો કોઇ ગુનાહીત ઇતિહાસ નથી અને તેઓ યુવાવસ્થા ધરાવે છે આ સંજોગોને નજર સમક્ષ લેતા આરોપીને મહતમ સજાને બદલે ઓછામાં ઓછી થતી ૨૦ વર્ષની સજા કરવાનું ઉચિત જણાય છે.

**મેવાણીની દારૂના કારોબાર સામેની લડાઇ સમાજના હિતમાં છે**

# દારૂબંધીના વિવાદમાં હવે ભાજપના સિનિયર નેતાએ પણ ઝંપલાવ્યું

**ડૉ. ભરત** કાનાબારે સોશિયલ મીડિયામાં દારૂબંધી નીતિ ઉપર સવાલ ઊભા કર્યા

**ગેરકાયદે** દારૂના આ વેપલાના હપ્તા આઇપીએસ અધિકારીઓ સુધી પહોંચે છે

ગાંધીનગરઃ ગુજરાતમાં દારૂબંધી અને પોલીસના પટ્ટા ઉતારવા મામલે રાજનીતિ ચાલી રહી છે. તેવામાં ભાજપના સિનિયર નેતા ડૉ. ભરત કાનાબારે રાજ્યની દારૂબંધીની નીતિ ઉપર સોશિયલ મીડિયામાં પોસ્ટ દ્વારા સવાલ ઊભા કર્યા છે. રાજ્યમાં દારૂબંધીને લઈ રાજનીતિ ચાલી રહી છે, તેવામાં ભાજપના સિનિયર નેતા ડૉ. ભરત કાનાબારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર એક પોસ્ટ કરીને ગુજરાતની દારૂબંધીને ભાંગી તૂટી નીતિ ગણાવી છે. આ પોસ્ટના કારણે રાજકીય ગરમાવો આવ્યો છે.

ડૉ. ભરત કાનાબારે સોશિયલ મીડિયામાં પોસ્ટમાં કહ્યું છે કે, ગુજરાતમાં ભાંગી તૂટી દારૂબંધી અમલમાં છે. તો પણ તેના ફાયદા છે. ગુજરાતમાં રાત્રે પણ બહેનો ડર વગર નીકળી શકે છે, તેનું મુખ્ય કારણ દારૂબંધી છે. દારૂબંધી માટે ભાંગી તૂટી શબ્દ વાપર્યો છે, કારણ કે ગુજરાતમાં ક્યાં ક્યાં દારૂ મળે છે, એવો કોઈ પ્રશ્ન પૂછે તો આપણે તેને સામે પ્રશ્ન પૂછી શકીએ કે, દારૂ ક્યાં નથી મળતો? ગુજરાતમાં દારૂ પીવાનું વધતું જતું ચલણ એ રાજકીય નહીં પણ સામાજિક સમસ્યા છે. ચિંતાની વાત એ છે કે, આજથી 30 40 વર્ષ પહેલા દારૂ માટે જે સામાજિક છોછ હતો તે ઘટતો જાય છે. હવે દિવાળીમાં અને તહેવારોમાં ગામડાઓમાં પણ વાડીયોમાં, ફાર્મ હાઉસમાં દારૂની મહેફીલો જામે છે. લગ્નમાં પીવાવાળા માટે કેટલાક યજમાનો ગૌરવ લેતા હોય તેમ આમંત્રણ આપે છે કે, બધી જ વ્યવસ્થા રાખી છે, એટલે ખાસ આવજો.

ગેરકાયદેસર દારૂના આ વેપલાના હપ્તા આઈપીએસ અધિકારીઓ સુધી પહોંચે છે, પણ આ કાળી કમાણી કરવાવાળા ભૂલી જાય છે કે, ગરીબ પરિવારના, ડુસકા, નિસાસા અને હાય સાથે આવેલા આ ધન અંતે તો તેમને તેમના પરિવારને ભરખી જશે.

...અનુસંધાન પાના 5 પર

# રાજ્યમાં વધુ એક BLO શિક્ષકનું મોત, અત્યાર સુધીમાં 5 થયાં

**મહેસાણાના** સુદાસણ ગામમાં શિક્ષક દિનેશ રાવળને રાત્રે હાર્ટ એટેક આવ્યો

અમદાવાદઃ રાજ્યમાં મતદારી યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત ચૂંટણીલક્ષી કામગીરી માટે શિક્ષકોને બુથ લેવલ ઓફિસર (BLO)ની કામગીરી સોંપવામાં આવી છે. આ બીએલઓની કામગીરી દરમિયાન રાજ્યમાં અત્યાર સુધી પાંચથી વધુ શિક્ષકોના મૃત્યુ થયા છે. ગઈકાલે રાત્રે મહેસાણાના સુદાસણ કન્યાશાળાના મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અને બીએલઓની વધારાની જવાબદારી સંભાળતા શિક્ષક દિનેશ રાવળનું હૃદય રોગના હુમલા થી મૃત્યુ થયું હતું.



બીએલઓ, દિનેશ રાવળ

મળતી માહિતી મુજબ મહેસાણા જિલ્લાના સુદાસણ કન્યા શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અને બીએલઓની કામગીરી કરતા દિનેશ રાવળનું ગત ગુરુવારે મોડી રાત્રે બે વાગ્યાની આસપાસ હૃદય રોગના હુમલા થી મૃત્યુ થયું હતું. આ ઘટનાથી તેમના પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બીજી તરફ શાળાના આચાર્યના કહેવા પ્રમાણે બીએલઓની કામગીરી સંભાળતા દિનેશ રાવળ મોડીરાત સુધી એસઆઇઆરની કામગીરી કરતા હતા, અને નાગરિકો દ્વારા ભરીને આપવામાં આવેલા ફોર્મ અપલોડ કરવાનું કામ કરતા હતા. દરમિયાનમાં ગઇકાલે રાત્રે બે વાગ્યાની આસપાસ ફોર્મ અપલોડ કરવાનું કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક છાતીમાં દુખાવો થતા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ બીએલઓ શિક્ષક દિનેશભાઈને મૃત જાહેર કર્યા હતા. દિનેશભાઈએ અત્યાર સુધીમાં બી.એલ.ઓની લગભગ 70% જેટલી કામગીરી પૂર્ણ કરી દીધેલી છે. રાજ્યમાં અત્યાર સુધી પાંચ બીએલઓના મૃત્યું થયા છે. જેમાં એક બીએલઓએ તો સ્યુસાઈડ નોટ લખીને કામના ભારણને કારણે આત્મહત્યા કરી હતી.

**સ્પાના 2000 અને શરીરસુખના 5500નો ચાર્જ કરાતો હતો**

# ઘોડદોડ રોડ પર 'સ્પા'ના નામે ચાલતું કુટણખાનું પકડાયું

**વેસ્ટફિલ્ડ** કોમ્પ્લેક્સમાં 'સુત્રા ડે સ્પા'ના નામથી કુટણખાનું ચલાવાતું હતું

**પોલીસે** ડમી ગ્રાહક મોકલીને સંચાલક રમઝાનીને પકડી લીધી, માલિક બિમલા ગગનસિંહ વોન્ટેડ

સુરતઃ ઘોડદોડ રોડના વેસ્ટ ફિલ્ડ કોમ્પલેક્ષમાં 'સુત્રા ડે' નામે સ્પાની આડમાં ચાલતા કૂટણખાના પર ઉમરા પોલીસે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન એક મહિલા સંચાલક રંગે હાથ ઝડપાઈ હતી. સંચાલક અન્ય મહિલા સાથે મળી દેહવ્યાપારનો વેપલો કરતા હતા. સ્પા માટે 2 હજાર અને શરીર સુખ માણવાના 5500 રૂપિયા વસુલી મહિલાને 1 હજાર ચૂકવતા હતા. પોલીસે સંચાલકની ધરપકડ કરી અને મહિલાને વોન્ટેડ જાહેર કરી છે.

ઉમરા પોલીસની એક ટીમ 26મીના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે બાતમી મળી હતી કે ઘોડદોડ રોડ વેસ્ટ ફિલ્ડ કોમ્પલેક્ષમાં સુત્રા ડે નામે સ્પાની આડમાં કૂટણખાનું ચાલે છે. બાતમી મળતા એક ડમી ગ્રાહક મોકલી દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ત્યાં કાઉન્ટર પર એક મહિલા મળી આવી હતી. તેને પોલીસની ઓળખ આપી પૂછપરછ કરતા તેનું નામ રમઝાની ઉર્ફે રાની મોહંમદ ખ્વાજા શેખ (ઉં.વ.28,રહે. દેવ આશિષ એપાર્ટમેન્ટ, ઉમરા, મુળ. મુંબઈ વેસ્ટ) હોઈ અને તે સંચાલક તરીકે કામ કરે છે. જ્યારે સ્પા દુકાન માલિક બિમલા ગગન સિંહ બિસ્ત




...અનુસંધાન પાના 5 પર

# બે દિવસ પછી ઠંડી વધશે, તાપમાન બે-ત્રણ ડિગ્રી ઘટશે

**ઉત્તર** ભારતમાં વધેલી ઠંડીની અસર ગુજરાતમાં પણ થશે

ગાંધીનગરઃ પૂર્વીય પવનના કારણે રાજયમાં હાલમાં ઠંડી ઘટી છે, જયારે તાપમાનમાં થોડોક વધારો થયેલો છે. જોકે, ઉત્તર ભારતમાં વધેલી ઠંડીની અસર હવે ગુજરાતમાં પણ જોવા મળશે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 13.6 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. જો કે હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજયમાં 48 કલાક પછી ઠંડીનો પારો 2 થી 3 ડિગ્રી નીચે ગગડી જશે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તાપમાન વધ્યું છે. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, આજે રાજયના વિવિધ શહેરોમાં ગરમીનો પારો 30થી 32 ડિ.સે.ની આસપાસ રહેવા પામ્યો હતો. જયારે રાજયના અન્ય શહેરો

...અનુસંધાન પાના 5 પર

## સુરતમાં લઘુત્તમ 1 ડિગ્રી વધ્યું, મહત્તમ 1 ડિગ્રી ઘટ્યું

**સુરતમાં** તાપમાનમાં નજીવા ફેરફારો, દિવસે ગરમી યથાવત

સુરતઃ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હવામાનમાં નાનામોટા ફેરફાર નોંધાયા છે. મહત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને ૩૩.૬ ડિગ્રી નોંધાયું જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૨૨ ડિગ્રી સુધી પહોંચ્યું. તાપમાનમાં આવી નાની ચઢઉતાર છતાં ગરમીનું પ્રબળ પ્રભાવ યથાવત રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં ૬૪ ટકા ભેજ સાથે ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ૪ કિમી પ્રતિ કલાકની ગતિએ ફૂંકાયો હતો. ભેજનું પ્રમાણ ઊંચું રહેતા બપોરના સમયમાં ઉકળાટ વધી ગયો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે આવતા બે દિવસ સુધી તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા ન હોવાથી હાલ જેવું વાતાવરણ છે તે જ યથાવત રહેશે. બપોરે ઉકળાટ અને સવારે-સાંજે હળવો ઠંડો પવન અનુભવાશે. વિભાગના અનુસાર બે દિવસ બાદ ઉત્તર તરફથી ઠંડા પવનોની એન્ટ્રી વધતા ફરી એક વાર ઠંડીમાં વધારો થઈ શકે છે. લઘુત્તમ તાપમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સુરતવાસીઓને સલાહ આપવામાં આવી છે કે તાપમાનમાં આવનારા ફેરફારોને ધ્યાનમાં રાખીને વહેલી સવારે બહાર નીકળતી વખતે ખાસ સાવચેતી રાખવી.

# બ્રિજ પર બાઈક ડિવાઈડર સાથે ભટકાઈ અને યુવાન ઉછળીને નીચે પડ્યો

**ઉમરા** ગામમાં રહેતો કિશન રાઠોડ મિત્ર સાહિલ સાથે મિલમાં પગારનો હિસાબ લેવા ગયો હતો

**પરત** આવતી વખતે બાઈક સાયણ ROB પર ડિવાઈડર સાથે ભટકાઈ, પાછળ બેઠેલા કિશનનું પટકાતાં મોત

સુરતઃ સાયણના ઉમરાગામ ખાતે રહેતા બે મિત્રો ગુરુવારે સાંજે KTM સ્પોર્ટ્સ બાઈક પર સાયણથી ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે સાયણ-ઉમરા રેલવે બ્રિજ પર તેમની બાઈક ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાતા બાઈકની પાછળ બેસેલો યુવક ઉછળીને બ્રિજ નીચે પટકાયો હતો. જેને પગલે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક મિત્રને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઉત્રાણ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ઉમરાગામ ખાતે આવેલા હળપતિવાસમાં કિશનકુમાર ભીખાભાઈ રાઠોડ (ઉ.વ.31) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. કિશનકુમાર સાયણ ખાતે એક કાપડ મિલમાં નોકરી કરતો હતો. ગુરુવારે સાંજે કિશનકુમાર મિલમાં પગારનો હિસાબ લેવા માટે ગયો હતો. હિસાબ કર્યા બાદ કિશનકુમારે ઘર પાસે જ રહેતા તેના સાહિલ ભીખાભાઈ રાઠોડ (ઉ.વ. 19)ને લેવા માટે બોલાવ્યો હતો. જેથી સાહિલ તેના મોટાભાઈની કેટીએમ સ્પોર્ટ્સ બાઈક લઈને ગયો હતો. ત્યાંથી પરત ઉમરાગામ ઘર તરફ આવતા હતા.

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |


| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



ભાવભીની શ્રધ્ધાંજલિ



પ્રિય મિત્ર, આંખો હજુ નિહાળે છે તને, અંતર હજુ પોકારે છે તને, ભુલી ના શકાય તેવી યાદોના સંસ્મરણો તુ છોડી ગયો. કલ્પી ન શકાય તેવી અણધારી વિદાય અમારા કાળજાને કંપાવી ગઈ. પ્રેમાળ, નિસ્વાર્થ પરમાર્થી જીવન જીવી સૌને આદર્શ જીવન જીવવાની પ્રેરણા આપનારના દિવ્ય આત્માને પરમેશ્વર પરમ શાંતિ અર્પે એ જ અમારી હૃદય પૂર્વકની શ્રધ્ધાંજલિ.

સ્વ. રાજેશ ખુશમનલાલ દલાલ
સ્વ.તા.૨૭-૧૧-૨૦૨૫

લિ.
મહેન્દ્ર શાહ, પ્રવિણ માસ્તર, અંજુ શેઠ, પ્રકાશ ગજ્જર, કેતન અંજારીયા
રાજેન્દ્ર બર્મન, ભરત સોની, નેહા વજાણી, નટુભાઈ કારીયા, અશ્વિન માસ્તર
હિતેન્દ્ર ચુડાવાળા, કિરણ ખટલાવાળા, કલ્પના પુરાણીક, ગટુ(રોહિત) લાકડાવાળા, નવનિત ગોપાણી



॥ ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥



અચાનક લીધી વિદાયે મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી, ઉદય એનો અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કદી વિસરાતા નથી... પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના....
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ.નીરૂબેન વિજયભાઈ રાણા
સ્વ.તા.૨૯.૧૧.૨૦૨૧

લિ. વિજયભાઈ કંચનલાલ રાણા
રાકેશ વિજયભાઈ રાણા(પુત્ર) સ્નેહા રાકેશ રાણા(પુત્રવધુ)
ધર્મેશ વિજયભાઈ રાણા(પુત્ર) અંકિતા ધર્મેશ રાણા(પુત્રવધુ)
હિતેશ ચંપકભાઈ સોલંકી(જમાઈ) જીજ્ઞાશા હિતેશ સોલંકી(પુત્રી)
નિયતી, દિશિતા, ધૃમિત, દિયાંશી, માહિત, પ્રાંજલ
નિવાસ સ્થાનઃ- રાણા સ્ટ્રીટ, મિનાક્ષીવાડી, કતારગામ, સુરત



ક્ષત્રિય દુઃખદ અવસાન



સ્વ.હસમુખગૌરી નવીનચંદ્ર રેશમવાળા
સ્વ.તા.૨૮-૧૧-૨૦૨૫ માગશર સુદ આઠમ

દિલગીરી સહ જણાવવાનું કે, મારા પત્ની/માતૃશ્રી હસમુખગૌરી નવીનચંદ્ર રેશમવાળા નું તા.૨૮-૧૧-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતની સ્મશાનયાત્રા આજરોજ સવારે ૯ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળી રામનાથ ઘેલા સ્મશાનભૂમી, ઉમરા મુકામે જશે તથા બેસણું રવિવાર તા.૩૦-૧૧-૨૦૨૫ ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે ધમણવાલા એ.સી.હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરતખાતે રાખેલ છે.

લિ. નવીનચંદ્ર બલવંતરામ રેશમવાળા
મુકેશ નવીનચંદ્ર રેશમવાળા | દક્ષા મુકેશ રેશમવાળા
શૈલેશ નવીનચંદ્ર રેશમવાળા | જ્યોતિકા શૈલેશ રેશમવાળા
વિજય નવીનચંદ્ર રેશમવાળા | દિપીકા વિજય રેશમવાળા
જીતેશ મુકેશ રેશમવાળા | નીશા જીતેશ રેશમવાળા
વિવેક વિજય રેશમવાળા | વિષ્ણુ શૈલૈષ રેશમવાળા
કૈલાસ કિરીટકુમાર બાગડાવાલા | અરૂણા રમેશચંદ્ર માંડવીવાળા
નિવાસસ્થાન : ૨૩, સુરૂચી સોસાયટી, જમનાનગર પાસે, ઘોડદોડ રોડ, સુરત.



લેઉવા પાટીદાર અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે, અમારા દેરાણી/ભાભી/નાની (કાકી)શ્રી શ્રીમતી શારદાબેન રમેશભાઈ પટેલ તા.૨૮/૧૧/૨૦૨૫ને શુક્રવારે દેવલોક થયા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્‌ગતની સ્મશાનયાત્રા તા. ૩૦/૧૧/૨૦૨૫ ને રવિવારે બપોરે ૦૧:૧૫ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળશે.

સ્વ. શારદાબેન રમેશભાઈ પટેલ
સ્વ.તા. ૨૮/૧૧/૨૦૨૫

સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૦૧/૧૨/૨૦૨૫ ને સોમવારે બપોરે ૨:૦૦ કલાકે લેઉવા પાટીદાર સમાજની વાડી, પુણા ગામ, શિવશક્તિ મંદિરની બાજુમાં રાખેલ છે.

લિ. ગં.સ્વ. ઈન્દુબેન શંકરભાઈ પટેલ
ભૂપેન્દ્રભાઈ શીવલાલ પટેલ (U.S.A.) ચંદુભાઈ શીવલાલ પટેલ (U.S.A.)
સુરેશભાઈ રંગીલભાઈ પટેલ જયેશભાઈ રંગીલભાઈ પટેલ

-: પિયર પક્ષ :- વઢવાણીયા (રાજપરા)
સ્વ. મૂળજીભાઈ ભીખાભાઈ પટેલ સ્વ. શાંતાબેન મૂળજીભાઈ પટેલ
ગં.સ્વ. લક્ષ્મીબેન કાનજીભાઈ પટેલ (વરાડ) ગં.સ્વ. નીરૂબેન કાંતિભાઈ પટેલ (શામપુરા)
ઉષાબેન ગુણવંતભાઈ પટેલ (આફવા) ગં.સ્વ. રાજેશ્રી (રાજુ) નરેન્દ્રભાઈ પટેલ (કુંભારીયા)
સંધ્યાબેન સુરેશભાઈ પટેલ (ડુંગર) જયનાબેન મુકેશભાઈ પટેલ (વિહાણ)
સવિતાબેન ઈશ્વરભાઈ પટેલ (બગુમરા) માયાબેન કિરીટભાઈ પટેલ (રૂવા) (દિકરી)
સાગરભાઈ નરેન્દ્રભાઈ પટેલ (કુંભારીયા)
ભાઈઓ :- હીરાભાઈ, રમેશભાઈ, નવીનભાઈ, પ્રદિપભાઈ, કાંતુભાઈ, મુકેશભાઈ, દિલીપભાઈ, વિમલભાઈ